# તંત્રી લેખ......

## સંરક્ષણ ક્ષેત્રે સહયોગ

ભારત અને બ્રિટને ઐતિહાસિક મુક્ત વ્યાપાર કરાર કર્યા છે, તેનાં પરિણામે બંને દેશના અર્થતંત્રને લાભ મળશે અને વિકાસ ઝડપી બનશે. આ ઉપરાંત સંરક્ષણ ઉદ્યોગમાં પણ ભાગીદારી થશે. બ્રિટનમાં વસવાટ કરી રહેલા ખાલિસ્તાનીઓ - પંજાબના અલગતાવાદીઓ - લોકશાહીનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે અને લોકતંત્રને નુકસાન કરી રહ્યા છે, એ વિષય વડાપ્રધાન મોદીએ બ્રિટિશ વડાપ્રધાન કેઈટ સ્ટારમર સાથેની મુલાકાતમાં ઉઠાવ્યો હતો. મુક્ત વ્યાપાર કરાર ઉપર સહીસિક્કા થઈ ગયા પછી મોદીએ બ્રિટિશ સરકારનો આભાર માનીને કહ્યું કે, વડાપ્રધાન સ્ટારમર અને એમની સરકારે પહેલગામમાં પર્યટકો ઉપર કરેલા ઘાતકી હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી છે અને આતંકવાદ સામેની લડતમાં બેવડાં ધોરણો હોઈ શકે નહીં એ બાબત અમે સહમત છીએ. લોકતંત્રનો દુરુપયોગ અંતિમવાદીઓને કરવા દેવાય નહીં એમ પણ અમે બંને સ્વીકારીએ છીએ. બ્રિટનની ધરતી ઉપર વસવાટ કરી રહેલા ખાલિસ્તાનીઓ લોકશાહીનો દુરુપયોગ કરી રહ્યા છે, તે બંધ થવું જોઈએ એમ મોદીએ કહ્યું છે. અલગતાવાદીઓ ઉપરાંત આર્થિક ગુનેગારો બ્રિટનમાં છુપાયા છે અને ભારતીય કાનૂન સામે આશ્રય લઈ રહ્યા છે, તે પ્રતિ બ્રિટિશ વડાપ્રધાનનું ધ્યાન આકર્ષિત કરવામાં આવ્યું છે. હવે આવા ભાગેડુઓને પકડીને ભારતમાં મોકલવા માટે ભારતીય એજન્સીઓને બ્રિટિશ એજન્સીઓનો સહકાર મળશે. ભારતથી ભાગીને બ્રિટનમાં આશ્રય મેળવનારા વિજય માલ્યાનું નામ પણ આ સંબંધમાં ચર્ચાયું હોવાનું મનાય છે. ભારત યુકેના વિઝન-૩૫ દસ્તાવેજનો બંને વડાપ્રધાને સ્વીકાર કરીને સમર્થન આપ્યું છે. વિઝન'નું વાર્ષિક અવલોકન - સમીક્ષા બંને દેશના વિદેશપ્રધાનો કરતા રહેશે. આ સાથે સંરક્ષણ - ઉદ્યોગમાં બંને દેશની વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરીને સહયોગ વધારવાનાં પગલાં ભરશે એવી સમજૂતી થઈ છે.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમરેલી પોલીસને અભિનંદન પાઠવ્યા

# સાહેબ, મુન્નો રબારીકા અમને હેરાન કરે છે, જમીન ખાતે થવા દેતો નથી, પાંચ લાખ માંગે છે....: નિર્દોષ ખેડૂતના એક મેસેજથી પોલીસે તેની ૧૦ વિઘા જમીન પરત કરાવી

**અમરેલી પોલીસની આ ત્વરિત અને અસરકારક કામગીરીએ ગુજરાત પોલીસની નાગરિકોની સુરક્ષા અને ન્યાય પ્રત્યેની પ્રતિબદ્ધતાને ફરી એકવાર ઉજાગર કરી**

**અનેક ગુનાઓમાં સંડોવાયેલા માથાભારે તત્વને અમરેલી પોલીસે તાત્કાલિક બોલાવીને પોલીસની ભાષામાં સમાજ આપી ને ખેડૂતનું દુઃખ દૂર કર્યું**

ગુજરાત પોલીસ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્યના નાગરિકોને અસામાજિક તત્વોથી રક્ષણ આપવા સતત પ્રયત્નશીલ છે. આવો જ એક કિસ્સો અમરેલી જિલ્લામાંથી સામે આવ્યો છે, જ્યાં એક ખેડૂતને હેરાન કરતા માથાભારે શખ્સ સામે પોલીસે તાત્કાલિક પગલાં લઈ ભોળા અને નિર્દોષ ખેડૂતની ૧૦ વીઘા જમીન પરત કરાવી છે.

ઘટનાની વિગતો અનુસાર, તા. ૨૯/૦૬/૨૦૨૫ના રોજ અમરેલી જિલ્લાના ભૂતપૂર્વ પોલીસ અધિક્ષક શ્રી નિર્લિપ્ત રાય દ્વારા હાલના પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાતને એક મેસેજ પ્રાપ્ત થયો હતો. આ મેસેજમાં ભોગબનનાર ખેડૂતે જણાવ્યું હતું કે, "સાહેબ, મુન્નો રબારીકા અમને ખોટે ખોટા હેરાન કરે છે. અમારી જમીન અમારે ખાતે નથી થવા દેતો. જો જમીન ખાતે કરવી હોય તો રૂ. ૫,૦૦,૦૦૦/-આપવા પડશે." આ મેસેજના આધારે અમરેલી પોલીસે તાત્કાલિક ભોગબનનારનો સંપર્ક કર્યો હતો.

આરોપી શીવરાજ ઉર્ફે મુન્નો રામકુભાઈ વીછીયા (રહે. રબારીકા, તા. જેસર, જિ. ભાવનગર)ની ઓળખ થઈ, જે ૨૦૨૦માં ગુજરાત આતંકવાદ અને સંગઠિત અપરાધ નિયંત્રણ (GUJCTOC) અધિનિયમ હેઠળના કેસમાં આરોપી છે. તેના નામે ખૂન, ખંડણી, ધાક-ધમકી, પચાવી પાડવા અને પ્રોહિબિશન સહિત કુલ ૧૩ ગુનાઓ નોંધાયેલા છે. આરોપીએ ભોગબનનાર બાલાભાઈ જીવાભાઈ બાખલકીયા (રહે. ઈંટીયા, તા. જેસર, જિ. ભાવનગર) અને જમીન વેચનાર રવજીભાઈ શામજીભાઈ જસાણીને ધમકી આપીને બંને પાસેથી રૂ. ૫ લાખની માંગણી કરી રહ્યો હતો.

અમરેલી જિલ્લા પોલીસે તાત્કાલિક ભોગબનનાર અને જમીન વેચનારનો સંપર્ક કરી, તેમને ધાક-ધમકીથી ડરવાની જરૂર નથી તેમ જણાવી સંપૂર્ણ સહકાર આપ્યો. અમરેલી પોલીસે આરોપી શીવરાજને પોલીસની ભાષામાં કડક સમજ આપી, જેના પરિણામે તેણે આ પ્રકરણમાંથી પોતાને અલગ કરી દીધો. આના લીધે ભોગબનનારના વડીલોએ ૩૦ વર્ષ પહેલાં વેચેલી ૧૦ વીઘા જમીનનો દસ્તાવેજ, જે અસામાજિક તત્વોના ડરથી અટકી ગયો હતો, તે તાજેતરમાં ભોગબનનાર ખેડૂતના નામે થઈ શક્યો. અમરેલી પોલીસના આ પગલાંથી ભોગબનનારનો આત્મવિશ્વાસ વધ્યો અને તેઓ હવે જમીનના આધારે ધિરાણ લઈ, પોતાના વિકાસ માટે આગળ વધી શકશે. ભોગબનનારે જણાવ્યું કે તેમને ન્યાય મળી ગયો છે, જેથી તેઓએ આરોપી સામે ફરિયાદ નોંધાવવાની જરૂર લાગતી નથી. અમરેલી પોલીસની આ ત્વરિત અને અસરકારક કામગીરીએ ગુજરાત પોલીસની નાગરિકોની સુરક્ષા અને ન્યાય પ્રત્યેની પ્રતિબદ્ધતાને ફરી એકવાર ઉજાગર કરી છે, તે બદલ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમરેલી પોલીસને અભિનંદન પાઠવ્યા છે.



મને દુઃખ છે કે હું આ સરકારનો ભાગ છું : ચિરાગ પાસવાન

# બિહાર NDA માં ફૂટ, ચિરાગે CM નીતીશ પર સાંધ્યું નિશાન

**બિહારમાં ગુનાખોરી સતત વધી રહી છે : ચિરાગ પાસવાને બિહાર સરકાર પ્રત્યે નારાજગી અને ગુસ્સો વ્યક્ત કર્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારમાં આ દિવસોમાં જ્યારે વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ ને લઈને રાજકીય પક્ષોના નેતાઓ વચ્ચે નિવેદનો, આરોપો અને પ્રતિ-આરોપોનો સિલસિલો ચાલુ છે, ત્યારે રાજ્યમાં ગુનાઓ પણ સતત વધી રહ્યા છે. બિહારના વિવિધ ભાગોમાંથી દરરોજ હત્યા, લૂંટ, ગોળીબાર અને હુમલાના અહેવાલો આવી રહ્યા છે. હવે કેન્દ્રીય મંત્રી અને લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) ના વડા ચિરાગ પાસવાને બિહારમાં વધતા ગુનાઓ અંગે રાજ્ય સરકાર પ્રત્યે નારાજગી અને ગુસ્સો વ્યક્ત કર્યો છે. ચિરાગે કહ્યું કે બિહાર સરકાર ગુનેગારો સામે ઝૂકી ગઈ છે.

બિહારમાં બગડતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને રાજ્યમાં વધતા ગુનાહિત કેસ પર નારાજગી વ્યક્ત કરતા ચિરાગે સીએમ નીતિશ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે બિહારમાં એક પછી એક ગુનાહિત ઘટનાઓ બની રહી છે, જે હવે શ્રેણીબદ્ધ બની ગઈ છે.

રાજ્યનું વહીવટ સંપૂર્ણપણે ગુનેગારો સામે ઝૂકી ગયું છે. બિહારમાં હવે લૂંટ, અપહરણ, હત્યા અને બળાત્કારના સમાચારો રોજ સાંભળવા મળી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું, મને દુઃખ છે કે હું આ સરકારનો ભાગ અને સમર્થક છું.

ચિરાગ પાસવાને પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે, "બિહારમાં એક પછી એક ગુનાહિત ઘટનાઓનો દોર ચાલી રહ્યો છે અને વહીવટીતંત્ર ગુનેગારો સામે સંપૂર્ણપણે ઝૂકી રહ્યું હોય તેવું લાગે છે. હવે એવું લાગે છે કે વહીવટીતંત્ર આ ઘટનાઓને રોકવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે. જો આવું જ ચાલુ રહેશે તો આગામી દિવસોમાં રાજ્ય માટે ખૂબ જ ભયાનક પરિસ્થિતિ ઊભી થશે."

વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવી રહેલા પ્રશ્નો પર ચિરાગ પાસવાને કહ્યું કે, "જો આપણે એમ માની લઈએ કે આ ઘટનાઓ સરકારને બદનામ કરવાના ષડયંત્રના ભાગ રૂપે થઈ રહી છે, તો પણ જવાબદારી વહીવટીતંત્રની છે." તમને જણાવી દઈએ કે ચિરાગ પાસવાન આ સમયે બિહારમાં વધી રહેલા ગુનાઓ અંગે અવાજ ઉઠાવી રહ્યા છે. તેમણે એક વાર નહીં પરંતુ ઘણી વખત પોલીસ અને સરકાર પર પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે અગાઉ પણ કહ્યું છે કે બિહારમાં પોલીસની જવાબદારી શું છે? મને સમજાતું નથી. ચૂંટણીના વર્ષમાં વધતા ગુનાઓથી લોકો નારાજ છે અને આ સરકારની છબી બગાડી રહ્યું છે.

૨૭ જુલાઈ - વર્લ્ડ હેડ એન્ડ નેક કેન્સર ડે

# દેશભરમાં મોં અને ગળાના કેન્સરના દર્દીઓ માટે આશાનું સોનેરી કિરણ એટલે ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ(GCRI)

**છેલ્લાં પાંચ વર્ષમાં ૨૫ હજારથી વધુ મોં અને ગળાના કેન્સરના દર્દીઓએ ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ખાતે મેળવી સારવાર**

૨૭ જુલાઈના દિવસને વૈશ્વિક સ્તરે 'વર્લ્ડ હેડ એન્ડ નેક કેન્સર ડે' તરીકે ઊજવવામાં આવે છે. વિશ્વમાં વધી રહેલા મોં અને ગળાના કેન્સર પ્રત્યે જાગૃતિ લાવવા, લોકોને વિવિધ પ્રકારના વ્યસનોથી દૂર રહેવા પ્રેરિત કરવા તથા મોં અને ગળાના કેન્સરની ઉપલબ્ધ સારવાર અંગે માહિતી પૂરી પાડવામાં ઉદ્દેશ સાથે 'વર્લ્ડ હેડ એન્ડ નેક કેન્સર ડે' ઊજવવામાં આવે છે.





આજે વાત કરવી છે અમદાવાદમાં મેડિસિટી ખાતે આવેલી એક એવી સરકાર સંચાલિત હોસ્પિટલની જ્યાં મોં અને ગળા સહિત તમામ પ્રકારના કેન્સરની સારવાર માટે દેશભરમાંથી દર્દીઓ આવે છે અને અહીંયા સારવાર મેળવીને કેન્સરને હરાવીને ઘરે જાય છે.

અમદાવાદ સિવિલ કેમ્પસ ખાતે સ્થિત ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) કેન્સરના દર્દીઓ માટે આશાનું સોનેરી કિરણ બની રહી છે. ગુજરાત સરકાર અને ગુજરાત કેન્સર સોસાયટી દ્વારા સંચાલિત આ સંસ્થા તેના ઉત્કૃષ્ટ મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અત્યાધુનિક સારવાર સેવાઓ થકી છેલ્લાં ઘણા વર્ષોથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોમાં કેન્સરની સારવાર માટે જાણીતું નામ બન્યું છે.

GCRI ખાતે કેન્સરનું સ્ક્રીનિંગ, સારવાર, ટેસ્ટ્સ, સર્જરી, રેડિયેશન, કીમોથેરાપી, દવાઓ તથા અન્ય તમામ સુવિધાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. PMJAY આયુષ્યમાન ભારત યોજના હેઠળ આયુષ્યમાન કાર્ડ ધરાવતા દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.

**GCRI: કેન્સર સારવારમાં અગ્રેસર નામ**

અમદાવાદના સિવિલ કેમ્પસ ખાતે સ્થિત સરકાર સંચાલિત GCRI હોસ્પિટલ અદ્યતન સુવિધાઓ અને નિષ્ણાત ટીમ દ્વારા દેશભરના દર્દીઓને વિશ્વસ્તરીય સારવાર પૂરી પાડે છે. છેલ્લાં પાંચ વર્ષમાં ૭૭,૬૫૦ દર્દીઓએ અહીં સારવાર મેળવી, જેમાંથી ૨૫,૪૦૮ (૩૩%) મોં અને ગળાના કેન્સરના દર્દીઓ હતા. આ આંકડો વ્યસન પ્રત્યે સામાજિક જાગૃતિની જરૂરિયાત પણ દર્શાવે છે.

**અદ્યતન આરોગ્ય સેવાઓ**

GCRI વિવિધ સેવાઓ દ્વારા દર્દીઓને વ્યાપક સારવાર આપે છે:

- સ્ક્રીનિંગ અને નિવારણ: ઓક્ટોબર ૨૦૨૧થી શરૂ થયેલી કેન્સર સ્ક્રીનિંગ OPD દ્વારા સરેરાશ ૪૯,૦૦૦થી વધુ લોકોએ વિનામૂલ્યે સ્ક્રીનિંગનો લાભ લીધો, જેમાં ૧૦૪ કેન્સરના કેસો ઓળખાયા.
- સર્જરી: દર વર્ષે સરેરાશ ૫,૪૫૩ મેજર અને ૬,૪૯૪ માઈનર સર્જરીઓ થાય છે.
- કીમોથેરાપી: વાર્ષિક સરેરાશ ૪૮,૫૬૮ સત્રો.
- રેડિયોથેરાપી: ૫,૯૦૬ દર્દીઓને સરેરાશ દર વર્ષે સારવાર.
- બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ (BMT): ૨૦૨૪માં મ્સ્ વિભાગની બેડ ક્ષમતા ૪થી વધારી ૧૧ કરવામાં આવી.
- રોબોટિક રેડિયોથેરાપી: GCRI દેશની પ્રથમ અને એકમાત્ર સરકાર સંચાલિત હોસ્પિટલ છે, જે 'સાયબર નાઈફ' રોબોટ દ્વારા રેડિયો થેરાપી સારવાર પૂરી પાડે છે.

**વિનામૂલ્યે સારવાર**

PMJAY આયુષ્યમાન ભારત યોજના હેઠળ આયુષ્યમાન કાર્ડ ધરાવતા દર્દીઓને વિનામૂલ્યે સારવાર મળે છે. ખાનગી હોસ્પિટલોની તુલનામાં પેઈંગ દર્દીઓ માટે પણ ખર્ચ નોંધપાત્ર રીતે ઓછો છે, જેથી કોઈ દર્દી નાણાકીય અછતને કારણે સારવારથી વંચિત રહેતું નથી.

**સામુદાયિક જાગૃતિ અને નિવારણ**

GCRI સમાજમાં કેન્સર પ્રત્યે જાગૃતિ ફેલાવવા સક્રિય છે:

- સ્ક્રીનીંગ કેમ્પ: દર વર્ષે ૧૦૦થી વધુ કેન્સર સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન.
- HPV DNA ટેસ્ટિંગ: ૨૦૨૨થી સર્વાઈકલ કેન્સર સ્ક્રીનિંગ માટે વિનામૂલ્યે HPV DNA ટેસ્ટિંગ શરૂ.

GCRIના નિયામક ડો. શશાંક પંડ્યા જણાવે છે, "તમાકુનું વ્યસન મોં અને ગળાના કેન્સરનું મુખ્ય કારણ છે. લોકોએ મહિને એકવાર મોંની જાત-તપાસ કરવી જોઈએ. ચાંદું, મોં ખોલવામાં તકલીફ, કાળા-સફેદ ડાઘ, ખોરાક ગળવામાં મુશ્કેલી જેવા લક્ષણો દેખાય તો તાત્કાલિક ડોક્ટરની સલાહ લેવી જોઈએ."

**સેટેલાઈટ સેન્ટર્સ**

GCRIએ રાજ્યભરમાં સારવારની પહોંચ વધારવા સેટેલાઈટ સેન્ટર્સ સ્થાપ્યા છે:

- રાજકોટ: રાજકોટ સેન્ટર ખાતે ૨૦૨૩થી ૩ બેઠકો સાથે એમ.ડી. રેડિયેશન ઓન્કોલોજી કોર્સ શરૂ કરાયો છે.
- રાજકોટ, ભાવનગર, સિદ્ધપુર સેન્ટર્સ: રાજ્યભરના દર્દીઓને પોતાના નિવાસસ્થાનની નજીક જ કેન્સરની સર્વસંપન્ન (Comprehensive) સારવાર ઉપલબ્ધ થઈ શકે તે માટે ઓપરેશન, કીમોથેરાપી અને રેડિયોથેરાપીના નિષ્ણાત ડોક્ટરોની નિમણૂક.

**અદ્યતન મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

GCRI રેડિયેશન ઓન્કોલોજીમાં અગ્રેસર છે, જેમાં અદ્યતન ઉપકરણોનો સમાવેશ થાય છે:

- સાઈબર નાઈફ: ભારતની એકમાત્ર સરકાર સંચાલિત હોસ્પિટલમાં ઉપલબ્ધ.
- અન્ય ઉપકરણો: ત્રણ લિનિયર એસેલરેટર, ભાભાટ્રોન, ઈરિડિયમ યુનિટ, 4D CT સિમ્યુલેટર, ટૂબીમ લિનેક, ટોમોથેરાપી (રૂા.૯૫ કરોડના ખર્ચે). આ ઉપકરણો ઝડપી, સચોટ અને ઓછી આડઅસર સાથે સારવાર પૂરી પાડે છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# શ્રી વેદ પ્રકાશ એ અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર નો કાર્યભાર સંભાળ્યો





ભારતીય રેલવે પરિવહન સેવા (આઈઆરટીએસ) ના ૧૯૯૮ બેચના પ્રતિષ્ઠિત અધિકારી, શ્રી વેદ પ્રકાશ એ તારીખ ૨૬.૦૭.૨૦૨૫ ના રોજ અમદાવાદ મંડળના નવા મંડળ રેલવે મેનેજર (ડીઆરએમ) ના રૂપે કાર્યભાર સંભાળ્યો, જે હવે હાજર ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી સુધીર કુમાર શર્મા પાસેથી લેવામાં આવ્યો છે.

શ્રી વેદ પ્રકાશને રેલવે મંત્રાલય, રેલવે સંચાલન, લોજિસ્ટિક, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા સહિત જનસંપર્કના વિવિધ પાસાઓમાં ૨૫ વર્ષોથી વધારેનો બહોળો અનુભવ છે. આપે સેન્ટ કોલંબસ કૉલેજ, હજારીબાગથી ભૂસ્તરશાત્રમાં બી.એસસી. (ઓનર્સ) ની પદવી પ્રાપ્ત કરી છે અને એમડીઆઈ, ગુડગાંવથી પરિવહન અર્થશાસ્ત્રમાં પ્રમાણપત્ર અને રેલવે સ્ટાફ કૉલેજ, વડોદરાથી પ્રબંધન વિકાસ કાર્યક્રમ પૂર્ણ કર્યો છે.

આ નિમણૂંકથી પહેલાં શ્રી પ્રકાશ રેલવે મંત્રીના વિશેષ કાર્ય અધિકારી (ઓએસડી) ના રૂપે કાર્યરત હતા, જ્યાં આપે દૈનિક રેલવે સંચાલન, રાજસ્વ સૃજન, બુનિયાદી માળખાના નિર્માણ અને ઉચ્ચ-સ્તરીય સાર્વજનિક કાર્યક્રમો અને મંત્રી સ્તરની મુલાકાતોના વ્યવસ્થાપનમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે. આપના કાર્યકાળમાં રેલવે મંત્રાલય માટે સોશિયલ મીડિયા સહભાગિતા રણનીતિઓની સફળ યોજના અને અમલીકરણ, અમૃત સ્ટેશનના પુનઃવિકાસની પહેલ સહિત ટ્રેનોના ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ સમારંભોથી સંબંધિત ૧૦૦૦ થી વધુ કાર્યક્રમોનું સંકલન પણ સામેલ છે. આપે અમૃત સ્ટેશનોના પુનઃવિકાસ અને ૧,૫૦૦ આરઓબી/આરયૂબીના બાંધકામ - ૪૦.૫ લાખ લોકોની ભાગીદારી (લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ), આ અગાઉ પ્રથમ તબક્કામાં ૫૦૮ અમૃત સ્ટેશનો પુનઃવિકાસ કાર્યક્રમમાં ૧૧ લાખથી વધુ લોકોની ઉપસ્થિતિ નોંધાવી હતી. ૧૨ માર્ચ ૨૦૨૩ ના રોજ વિવિધ રેલવે પરિયોજનાઓથી સંબંધિત કાર્યક્રમોનું સફળ આયોજન, ૯ લાખથી વધુ લોકોની ઉપસ્થિતિ વગેરે.

શ્રી પ્રકાશની પ્રભાવશાળી કારકિર્દીમાં ડીએફસીસીઆઈએલમાં જનરલ મેનેજર અને ટેલિકોમ કોઓર્ડિનેટર જેવા મહત્વપૂર્ણ નેતૃત્વના પદો સામેલ છે, જ્યાં આપે પરીક્ષણ ટ્રેન સંચાલન શરૂ કરવા અને ડીએફસીસીઆઈએલની બ્રાન્ડ છબી સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી.

રેલવે મંત્રાલયમાં નિદેશક, કોચિંગ રૂપે, આપે પ્રત્યેક દિવસે ૧૦,૦૦૦ થી વધુ ટ્રેનોના સંચાલનનું કુશળતાપૂર્વક વ્યવસ્થાપન કર્યું, કેટલીય નવી ટ્રેનોની શરૂઆત અને સ્ટોપેજનું વ્યવસ્થાપન કરાવ્યું અને કુંભ મેળા દરમિયાન ૧૫૦૦ વિશેષ ટ્રેનો ચલાવીને અવરજવરનું સફળતાપૂર્વક વ્યવસ્થાપન કર્યું. આપને ૨૦૧૮-૧૯ માં ચૂંટણીના સફળ સંચાલન માટે રેકોર્ડ ફોર્સ મુવમેન્ટના સંબંધમાં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ચૂંટણીના સફળ વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

ઓગસ્ટ ૨૦૧૫ થી જુલાઈ ૨૦૧૮ સુધી રેલવે મંત્રાલયમાં સૂચના અને પ્રચાર નિદેશકના રૂપમાં શ્રી પ્રકાશે ભારતીય રેલવે માટે એક સમસ્ત સંચાર રણનીતિ વિકસિત અને અમલી કરાવી અને ૧૭ ઝોન અને ૬૯ મંડળોમાં એક વિશાળ ટીમનું નેતૃત્વ કર્યું. વિવિધ આઉટરીચ પ્રયાસો મારફતે ભારતીય રેલવેના મંત્રીના કાર્યક્રમ, સોશિયલ મીડિયા, સૂચના બ્રોશર, સમાચારપત્ર જાહેરાત વગેરે પર સકુશળ કામ કર્યા.

આપે કાર્યક્રમ સંકલન તરીકે માનનીય વડાપ્રધાનની અધ્યક્ષતામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે રેલવે વિકાસ શિબિર સહિત ૧૩ લાખથી વધુ કર્મચારીઓને સામેલ કરનારા મેગા વિચારમંથન કેમ્પ સહિત મંત્રાલયના ૧૦૦ થી વધુ મેગા કાર્યક્રમોનું વ્યવસ્થાપન કર્યું.

ઉલ્લેખનીય રૂપે સિનિયર મંડળ પરિચાલન મેનેજર, ધનબાદ (જુલાઈ ૨૦૧૦ - ઓગસ્ટ ૨૦૧૫) ના રૂપે આપના કાર્યકાળ દરમિયાન રાજસ્વના સર્જનમાં ઉલ્લેખનીય ૧૦૦% વૃદ્ધિ પ્રાપ્ત કરી જે ૪૭૧૪ કરોડ રૂપિયાથી વધીને ૧૦૦૩૧ કરોડ રૂપિયા થઈ ગઈ અને માલ લોડિંગના જથ્થામાં ૩૫% ની વૃદ્ધિ થઈ. ધનબાદ મંડળને ભારતીય રેલવેના ૧૦૦ મિલિયન ટન લોડિંગ મંડળોની વિશિષ્ટ ક્લબમાં સામેલ કરાવ્યું.

શ્રી પ્રકાશને કેટલાય પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે જેમાં ચૂંટણી વ્યવસ્થાપનમાં તેમની ભૂમિકા માટે રાષ્ટ્રપતિ પુરસ્કાર, ૨૦૦૭ ઉત્કૃષ્ટ સેવાઓ માટે રાષ્ટ્રીય પુરસ્કાર અને બે વખત ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે મહાપ્રબંધક પુરસ્કાર સામેલ છે. આપને ઘણા વર્ષો દરમિયાન સવર્શ્રેષ્ઠ પ્રદર્શન માટે કેટલાય માલ લોડિંગ કાર્યક્ષમતા અને સમસ્ત સંચાલન શિલ્ડ પણ પ્રાપ્ત થયા છે.

આપના વિવિધ અનુભવ, અસાધારણ નેતૃત્વ અને પરિચાલન કુશળતા, રાજસ્વ અને જનસહભાગિતા વધારવાના ઉલ્લેખનીય ટ્રેક રેકોર્ડ અમદાવાદ મંડળ માટે અમૂલ્ય હશે. શ્રી પ્રકાશ ઉત્કૃષ્ટતા અને પ્રભાવક માનવ વ્યવસ્થાપન પ્રત્યે પોતાની કટિબદ્ધતા માટે જાણીતા છે, આ કુશળતા નિઃશંકપણે મંડળને નવી ઊંચાઈઓ તરફ લઈ જશે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# વિક્લી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૧,૨૫૩ અને ચાંદીના વાયદામાં રૂ.૨,૭૯૯નો ઉછાળો: ક્રૂડ તેલનો વાયદો રૂ.૨૬ લપસ્યો

**કોટન-ખાંડી વાયદો રૂ.૩૧૦ તેજ: મેન્થા તેલના વાયદામાં નરમાઈ: સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૮૪૯૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૭૯૭૭૫૭ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૪૩૪૦૬ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૩૦૫ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૧૮થી ૨૪ જુલાઈના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૯૮૬૨૭૩.૫૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૮૪૯૨.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૭૯૭૭૫૭.૫૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૩૦૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૮૩૭૬.૩૪ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૪૩૪૦૬.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૯૭૩૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૦૫૫૫ અને નીચામાં રૂ.૯૭૩૨૦ના મથાળે અથડાઈ, રૂ.૯૭૪૭૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૨૫૩ના ઉછાળા સાથે રૂ.૯૮૭૨૬ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૭૫ ઊછળી સપ્તાહના અંતે રૂ.૭૯૨૭૦ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ જુલાઈ વાયદો સપ્તાહના અંતે ૧ ગ્રામદીઠ રૂ.૯૮ વધી રૂ.૯૯૩૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧૪ના ઉછાળા સાથે રૂ.૯૮૬૬૮ થયો હતો. ગોલ્ડ-ટેન જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૯૭૩૦૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૦૩૮૮ અને નીચામાં રૂ.૯૭૩૦૦ના મથાળે અથડાઈ, રૂ.૯૭૬૧૫ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૦૩૮ ઊછળી રૂ.૯૮૬૫૩ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૧૨૫૨૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૬૬૪૧ અને નીચામાં રૂ.૧૧૨૫૦૫ના મથાળે અથડાઈ, રૂ.૧૧૨૩૩૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૭૯૯ વધી રૂ.૧૧૫૧૩૩ના ભાવે બંધ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે રૂ.૨૭૫૨ વધી રૂ.૧૧૪૮૭૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૨૭૫૬ વધી સપ્તાહના અંતે રૂ.૧૧૪૮૮૧ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૧૨૪૬૦.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જુલાઈ વાયદો રૂ.૧૦.૯ વધી સપ્તાહના અંતે રૂ.૮૯૩.૫ થયો હતો. જસત જુલાઈ વાયદો સપ્તાહના અંતે રૂ.૧૦.૫ વધી રૂ.૨૬૯.૦૫ થયો હતો. એલ્યુમિનિયમ જુલાઈ વાયદો રૂ.૫.૨ વધી સપ્તાહના અંતે રૂ.૨૫૪.૨૫ના ભાવે બોલાયો હતો. સીસું જુલાઈ વાયદો રૂ.૧.૬ વધી સપ્તાહના અંતે રૂ.૧૭૯.૬ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૩૧૩૨૧.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૫૦૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૫૦૭ અને નીચામાં રૂ.૪૪૮૦ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૨૦ ઘટી રૂ.૪૪૮૩ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૬૯૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૮૨૪ અને નીચામાં રૂ.૫૬૦૫ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૯૮ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૬ ઘટી રૂ.૫૬૭૨ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૨૫ ઘટી સપ્તાહના અંતે રૂ.૫૬૭૫ થયો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ સપ્તાહના અંતે રૂ.૩૭.૭ ઘટી રૂ.૨૭૧.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૩૭.૪ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૭૨.૧ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૮૯૦ના ભાવે ખૂલી, રૂ.૧.૭ ઘટી રૂ.૮૯૦ થયો હતો. કોટન ખાંડી જુલાઈ વાયદો સપ્તાહના અંતે ખાંડીદીઠ રૂ.૩૧૦ની તેજી સાથે રૂ.૫૬૦૧૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૯૮૪૨૫.૫૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૪૯૮૦.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૭૧૯૫.૬૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૬૫૭.૩૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૦૩.૪૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૪૦૪.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૫૩.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૫૮૦૨.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૫૪૬૬.૪૨ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૨૮.૫૧ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૪.૨૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૭૭૩૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૨૧૩૩૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૭૭૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૫૮૫૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૫૭૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૮૨૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૬૧૬૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૯૯૫૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૭૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૧૫૪૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૮૩૨૦ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૨૨૯૭૦ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૨૩૭૯૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૨૯૭૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૪૮૫ પોઈન્ટ વધી ૨૩૩૦૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

## પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર દ્વારા મહેસાણા-સાબરમતી સેક્શનનું ગહન નિરીક્ષણ



પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર (જીએમ) શ્રી વિવેક કુમાર ગુપ્તાએ તારીખ ૨૬.૦૭.૨૦૨૫ ના રોજ અમદાવાદ મંડળના મહેસાણા-સાબરમતી સેક્શનનું ગહન નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે સંરક્ષા, સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ કામોનું ગહન નિરીક્ષણ કર્યું અને સ્ટેશન પર યાત્રી સુવિધાઓ સહિત મંડળ પર ચાલી રહેલા વિકાસ કામોની પ્રગતિની સમીક્ષા કરી. શ્રી ગુપ્તાએ સાબરમતીમાં ઈન્ટીગ્રેટેડ કોચિંગ ડિપો (આઈસીડી) અને વંદે ભારત ટ્રેન સેટ મેઈન્ટેનન્સ ડેપોની વિશેષ રૂપે મુલાકાત લીધી. આ ડેપોનું નિરીક્ષણ કરીને તેમણે જાળવણી અને સંચાલન સંબંધિત પ્રક્રિયાઓનું મૂલ્યાંકન કર્યું. તેમણે સાબરમતી અને અમદાવાદ સ્ટેશનો પર ચાલી રહેલા પુનઃવિકાસ કામોનું પણ અવલોકન કર્યું. આ મહત્વપૂર્ણ પરિયોજનાઓની પ્રગતિની સમીક્ષા કરતાં, જનરલ મેનેજરે અધિકારીઓને તમામ રેલવે પરિયોજનાઓ સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા માટે દિશા-સૂચનો આપ્યા. મહેસાણા સ્ટેશન પર જનરલ મેનેજરે રિલે રૂમ, માસ્ટર કેબિન, બુકિંગ કાઉન્ટર, ફુટ ઓવર બ્રિજ અને પ્લેટફોર્મ સહિત વિવિધ યાત્રી સુવિધાઓનું ઝીણવટથી નિરીક્ષણ કર્યું. તેમણે યાત્રીઓને ઉપલબ્ધ કરાવવામાં આવતી સુવિધાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા પર ભાર આપ્યો. અમદાવાદ સ્ટેશન પર મુખ્ય પરિયોજના મેનેજર (આરએલડીએ) શ્રી સંજીવ કુમારે એક પ્રેઝેન્ટેશન મારફતે અમદાવાદ સ્ટેશનના પુનઃવિકાસ કામની અદ્યતન પ્રગતિથી જનરલ મેનેજરને માહિતગાર કર્યા. આ મહત્વપૂર્ણ નિરીક્ષણ દરમિયાન, જનરલ મેનેજરની સાથે મંડળ રેલવે મેનેજર સહિત અમદાવાદ મંડળના સિનિયર અધિકારીઓ પણ ઉપસ્થિત હતા. આ નિરીક્ષણ પશ્ચિમ રેલવેના સંરક્ષા માપદંડોને જાળવી રાખવાની, યાત્રી સુવિધાઓને ઉત્તમ બનાવવાની અને ચાલી રહેલી વિકાસ પરિયોજનાઓને ઝડપથી પૂર્ણ કરવાની કટિબદ્ધતાને દર્શાવે છે.

### રોહિત ચૌધરીને અમદાવાદ ગ્રામ્યનો વધારાનો ચાર્જ સોંપાયો

## કૃપા ઝાની મહિસાગર DPEO તરીકે તાત્કાલિક બદલી કરાઈ

### અચાનક કરવામાં આવેલી બદલીથી શિક્ષણ જગતમાં ચર્ચાઓએ જોર પકડ્યું છે બદલીના કારણમાં જાહેર હિતમાં લખવામાં આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આજે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી (ગ્રામ્ય) કૃપા ઝાની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે. તેમને મહીસાગર જિલ્લાના પ્રાથમિક શિક્ષણ અધિકારી (DPEO) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અચાનક કરવામાં આવેલી બદલીથી શિક્ષણ જગતમાં ચર્ચાઓએ જોર પકડ્યું છે. બદલીના કારણમાં જાહેર હિતમાં લખવામાં આવ્યું છે. આ બદલીના પગલે, અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી (શહેર) રોહિત ચૌધરીને ગ્રામ્યનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. આ નિર્ણય તાત્કાલિક અસરથી અમલમાં આવશે. કૃપા ઝાની બદલી અને રોહિત ચૌધરીને વધારાનો ચાર્જ સોંપવાના નિર્ણયથી અમદાવાદ જિલ્લાના શૈક્ષણિક વહીવટમાં કેટલાક મહત્ત્વના ફેરફારો જોવા મળી શકે છે. શિક્ષણ વિભાગ દ્વારા આ બદલી પાછળનું કારણમાં જાહેરત હિતમાં લખવામાં આવ્યું છે. આ ઉપરાંત અંગે અન્ય કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. અચાનક જ બદલી થતા અનેક તર્કવિતર્ક ઊભા થયા છે. પરંતુ સામાન્ય રીતે આવી બદલીઓ વહીવટી કાર્યક્ષમતા અને શાસનમાં સુધારો લાવવા માટે કરવામાં આવતી હોય છે.

## તરસાઈ સ્ટેશન પર બે વધારાની ટ્રેનોના સ્ટોપેજ મળતાં, ગ્રામજનોએ ડ્રાઈવર અને ગાર્ડને મીઠાઈ ખવડાવીને રેલવે વહીવટીતંત્રનો હૃદયપૂર્વક આભાર માન્યો



મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલ્વેએ ટ્રેન નંબર ૧૯૫૭૧/૧૯૫૭૨ રાજકોટ-પોરબંદર-રાજકોટ દૈનિક ટ્રેન અને ટ્રેન નંબર ૫૯૫૬૦/૫૯૫૫૭ ભાવનગર-પોરબંદર-ભાવનગર દૈનિક ટ્રેનને તરસાઈ સ્ટેશન પર વધારાનો સ્ટોપેજ આપ્યો છે. ઉપરોક્ત બંને ટ્રેનો ૨૫ જુલાઈ, ૨૦૨૫ થી તરસાઈ સ્ટેશન પર રોકાઈ રહી છે. ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, વિગતો નીચે મુજબ છેઃ-

પોરબંદરથી રાજકોટ અને પોરબંદરથી ભાવનગર જતી બે ટ્રેનોના સ્ટોપેજ મળતાં, ગ્રામજનોએ ડ્રાઈવર અને ગાર્ડને મીઠાઈ ખવડાવીને રેલવે વહીવટીતંત્રનો હૃદયપૂર્વક આભાર માન્યો.

ભાવનગર ટર્મિનસથી દરરોજ ચાલતી ટ્રેન નંબર ૫૯૫૬૦ ભાવનગર ટર્મિનસ-પોરબંદર તરસાઈ સ્ટેશન પર ૨૧.૦૧ વાગ્યે પહોંચે છે અને ૨૧.૦૨ વાગ્યે ઉપડે છે. તેવી જ રીતે, પોરબંદરથી ઉપડતી ટ્રેન નંબર ૫૯૫૫૭ પોરબંદર - ભાવનગર ટર્મિનસ દૈનિક તરસાઈ સ્ટેશન પર ૦૭.૪૯ વાગ્યે પહોંચે છે અને ૦૭.૫૦ વાગ્યે ઉપડે છે. રાજકોટથી ઉપડતી ટ્રેન નંબર ૧૯૫૭૧ રાજકોટ - પોરબંદર દૈનિક તરસાઈ સ્ટેશન પર ૧૦.૫૨ વાગ્યે પહોંચે છે અને ૧૦.૫૩ વાગ્યે ઉપડે છે. તેવી જ રીતે, પોરબંદરથી ઉપડતી ટ્રેન નંબર ૧૯૫૭૨ પોરબંદર - રાજકોટ દૈનિક તરસાઈ સ્ટેશન પર ૧૪.૫૫ વાગ્યે પહોંચે છે અને ૧૪.૫૬ વાગ્યે ઉપડે છે.

## દસ્ક્રોઈની કુજાડ પ્રા. શાળા નં - ૨માં બાળ સંસદ ચૂંટણી યોજાઈ

### વિદ્યાર્થીઓને લોકશાહી પ્રક્રિયા અને નેતૃત્વના ગુણોથી પરિચિત કરાવવાના ઉદ્દેશ સાથે યોજાઈ બાળ સાંસદ ચૂંટણી




દસક્રોઈ તાલુકાની કુજાડ પ્રાથમિક શાળા નં -૨ માં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે બાળ સંસદની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને લોકશાહી પ્રક્રિયા અને નેતૃત્વના ગુણોથી પરિચિત કરાવવાનો હતો. ચૂંટણી પ્રક્રિયા શરૂ કરતા પહેલા શાળાના વિદ્યાર્થીઓને ચૂંટણીનું મહત્વ અને પદ્ધતિ વિશે સંપૂર્ણ સમજ આપવામાં આવી હતી. ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે મહામંત્રી અને ઉપમહામંત્રી પદ તથા અલગ અલગ પ્રકારના મંત્રીઓ માટે ચૂંટણી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું, જેમાં કુમાર અને કન્યા બંને માટે ઉમેદવારોની સ્વૈચ્છિક પસંદગી કરવામાં આવી હતી. કુલ ૧૫ વિદ્યાર્થીઓએ ઉમેદવારી નોંધાવી હતી. આ ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થઈ રહેલા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ નવી બાળ સંસદ સમિતિ શાળાના વિવિધ પાસાઓમાં જેમ કે પ્રાર્થના, રમતગમત, સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત પ્રવૃત્તિઓની દેખરેખ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ઉમેદવારોએ પોસ્ટરો દ્વારા પોતાનો ચૂંટણી પ્રચાર કર્યો હતો અને દરેક વર્ગમાં જઈને પોતાના વચનો અને દ્રષ્ટિકોણો રજૂ કર્યા હતા. આમ, બાળ સંસદ ચૂંટણીની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ અનેક વાલીશ્રીઓ જોડાયા હતા.

## ખેડૂતને ગ્રામ પંચાયત ચૂંટણીમાં મત નહીં આપવો ભારે પડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર તાલુકાના જગામેડી ગામમાં રહેતા અને ખેતીકામ કરતા અવસરભાઈ પરસોત્તમભાઈ ભાલોડીયા નામના ૬૧ વર્ષના ખેડૂત બુઝુર્ગે પોતાના ઉપર લોખંડના પાઈપ વડે હુમલો કરી પગ ભાંગી નાખી ફેક્ચર સહિતની ઈજા પહોંચાડવા અંગે પોતાના ગામમાં જ રહેતા દિલીપ જીવરાજભાઈ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી છે.

જ્યારે ઈજાગ્રસ્ત બુઝુર્ગ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર અવસરભાઈ કે જેઓએ ગત ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સભ્યપદ માટે ઉભેલા આરોપી દિલીપ ગોહિલને મત આપ્યો ન હોવાથી ગઈકાલે રસ્તામાં આરોપી મળી જતાં તમે મને મત શું કામ નથી આપ્યો, તેમ કહી જીભાજોડી કરી હતી, અને ઉશ્કેરાટમાં આવી જઈ બુઝુર્ગનો પગ ભાંગી નાખ્યો હતો.

આ મામલામાં પંચકોશી એ. ડિવિઝનના એ.એસ.આઈ. ડી.એ. રાઠોડ હરકતમાં આવી ગયા હતા, અને તાત્કાલિક અસરથી આરોપી દિલીપ જીવરાજ ગોહિલની અટકાયત કરી લીધી છે, અને તેની પાસેથી હુમલામાં વપરાયેલો લોખંડનો પાઈપ પણ કબજે કરી લીધો છે.



